ગાંધીનગર સમાચાર

સ્ટેટ બેંક ઓફ પટિયાલા દ્વારા સ્કૂલબેગનું વિતરણ

# વિદ્યાર્થીઓએ વૈશ્વિક શાંતિની પ્રેરણા આપી

## ગિફ્ટ સિટીમાં જમનાબાઈ નરસી સ્કૂલે પ્રથમ વાર્ષિક રમતોત્સવ દિવસની ઉજવણી કરી







ગાંધીનગર, તા. ૨૨

ગિફ્ટ સિટીમાં સ્થિત જમનાબાઈ નરસી સ્કૂલના વિદ્યાર્થીઓએ આજે તેમનો પ્રથમ વાર્ષિક રમતોત્સવ દિવસ તેમના માતાપિતા અને શિક્ષકોની હાજરીમાં ''વૈશ્વિક શાંતિ'' થીમ હેઠળ ઉજવ્યો હતો. સંપૂર્ણ અને સર્વાંગી શિક્ષણ માટે જાણીતી જમનાબાઈ નરસી સ્કૂલે આ પ્રસંગે ઉપયુક્ત વિષયની પસંદગી કરી હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ગિફ્ટ સેઝના ચેરમેન શ્રી મહેશ્વર સાહૂ, આઈએએસ (નિવૃત્ત) હતા, જેઓ નરસી મોનજી એજ્યુકેશનલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી સુજય જયરાજ અને નરસી એજ્યુકેશનલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી કુમારી મિનળ ઠાકર સાથે ઉપસ્થિત રહ્યાં હતાં.

વિદ્યાર્થીઓએ રમતવીર જેવા ઉત્સાહ સાથે બેડમિન્ટ, મેડિસિન બોલ થ્રો, ૧૦૦ મીટર રેસ, ૨૦૦ મીટર રેસ, ૪૦૦ મીટર રીલે રેસ, વિઘ્ન દોડ અને કબડ્ડી જેવી સ્પર્ધાત્મક રમતમાં ભાગ લીધો હતો. સ્પર્ધાત્મક ઉત્સાહને પ્રોત્સાહન આપવા વિદ્યાર્થીઓને છ ઘરમાં વિવિધ જૂથોમાં વહેંચવામાં આવ્યા હતા અને ટીમો બનાવવામાં આવી હતી. આ ઘરના નામ મહાત્મા ગાંધી, ટાગોર, સ્વામી વિવેકાનંદ, અકબર, લિંકન અને આઈન્સ્ટાઈન રાખવામાં આવ્યાં હતાં.

જોકે આ રમતોત્સવની સૌથી મોટી વિશિષ્ટતા પ્રાથમિક વિભાગના ૨૦ છોકરા અને ૧૦ છોકરીઓનું ટેકવોન્ડો ડિમોન્સ્ટ્રેશન હતું. જમનાબાઈ નરસી સ્કૂલે આ કોરિયન માર્શલ આર્ટની પદ્ધતિઓમાં તેના વિદ્યાર્થીઓને તાલીમ આપી હતી, જેથી વિદ્યાર્થીઓ નાની ઉંમરે સ્વરક્ષણ શીખે. જ્યારે હિંસા અને બળાત્કારની ઘટનાઓ વધી રહી છે ત્યારે શાળા વિદ્યાર્થીઓને સ્વરક્ષણ શીખવે તે આવશ્યક છે. આ માર્શલ આર્ટ્સના પ્રદર્શનમાં ૩૩ ટકા છોકરીઓએ ભાગ લીધો હતો, જે આનંદદાયક બાબત હતી.

જમનાબાઈ નરસી સ્કૂલ મુંબઈના વારસા વિશે વાત કરતાં ગિફ્ટ સેઝ લિમિટેડના ચેરમેન શ્રી સાહૂએ કહ્યું હતું કે, ''મુંબઈમાં જમનાબાઈ નરસી સ્કૂલે શિક્ષણમાં ગુણવત્તાના ઊંચા ધારાધોરણો માટે માપદંડ સ્થાપિત કર્યો છે. આ શાળા શૈક્ષણિક ક્ષેત્રે જ નહીં, પણ રમતગમતમાં પણ પ્રતિભાઓને વિકસાવવા માટે આગળ પડતી છે. હું ગંભીરતાપૂર્વક માનું છું કે જમનાબાઈ નરસી સ્કૂલ, ગિફ્ટ સિટી તેના ઉત્કૃષ્ટ શૈક્ષણિક, સ્પોર્ટ્સ અને બાહ્ય પ્રવૃત્તિઓના સંપૂર્ણ અભ્યાસક્રમ મારફતે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના વારસાના આગળ વધારશે.''

નરસી મોનજી એજ્યુકેશનલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી સુજય જયરાજે કહ્યું હતું કે, ''વિશ્વને શાંતિની જરૂર છે, જેની અત્યારે તાતી જરૂર છે. વિશ્વના વારસદારો તરીકે બાળકો ભવિષ્યના પથપ્રદર્શક છે. આ બાબતને ધ્યાનમાં રાખીને અમે 'વૈશ્વિક શાંતિ' થીમ તરીકે પ્રથમ રમતોત્સવ દિવસ ઉજવવાનું નક્કી કર્યું હતું. જમનાબાઈ નરસી સ્કૂલમાં અમે હંમેશા વિવિધ રમતમાં વિદ્યાર્થીઓને ભાગીદાર બનાવવા પ્રેરિત કરીએ છીએ, કારણ કે તે નેતૃત્વના ગુણો ખીલવવામાં મદદ કરે છે, વિદ્યાર્થીઓના વ્યક્તિત્વમાં શક્તિ, પ્રતિબદ્ધતા અને ટીમ નિર્માણના ગુણો વિકસાવે છે.''

કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ ''ધ રેઈનબો વિથ એ મેસેજ પર્ફોર્મન્સ'' રજૂ કર્યું હતું. તેમણે યોગ્ય રીતે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, ''તમે ઉદાર બનવા કારણ શોધી રહ્યાં છો?'' આ રીતે જમનાબાઈ નરસી સ્કૂલમાં પ્રથમ વાર્ષિક રમતોત્સવ બેઠકમાં દરેક રીતે ''વૈશ્વિક શાંતિ'' પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

### @ગાંધીનગર

● સે-૫-બી મહાકાળી માતાજીના મંદિર ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન ભાવનાબેન ગોકલાણી દ્વારા આનંદનો ગરબો યોજાશે.

● ગાંધીનગર સરખેજ હાઈવે પર આવેલ હિરામણી સ્કુલ ખાતે સવારે ૭.૩૦ થી સાંજના ૪.૦૦ કલાક દરમિયાન આનંદમેળો યોજાશે.

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે બપોરે ૨.૩૦ કલાકે મેડીકલ કેમ્પ યોજાશે. આ ઉપરાંત રાત્રે ૮.૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

● શ્રી અન્નપૂર્ણા માતાજી પદયાત્રા સંઘ દ્વારા બુધવારે સવારે ૬.૦૦ કલાકે પદયાત્રાનું પ્રસ્થાન કરાશે.

● ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સવારે ૧૧ થી ૪ કલાક દરમિયાન સે-૧૬, યુથ હોસ્ટેલ ખાતે મહિલાઓનો સન્માન સમારોહ યોજાશે.

● યુગ સાહિત્ય વિસ્તાર યોજના અંતર્ગત સવારે ૯ થી સાંજના ૮ કલાક દરમિયાન સેકટર-૧૨-ડી બલરામ મંદિર ખાતે વિરાટ પુસ્તક મેળો યોજાશે.

- નજાહખાનમ સૈયદ

### વાતવાતમાં

● લો બોલો..!!! મંગળવારે સે-૧૬ના કોમર્શિયલ વિસ્તારમાં મેયરની કાર રોડ પર જ પાર્ક કરાયેલી જોવા મળી હતી. જો શહેરના પ્રથમ નાગરિક જ પાર્કિંગ સેન્સ ના બતાવે તો અન્ય નાગરિકો પાસે શું અપેક્ષા રાખવી?

● હજુ સાંભળો !! સોમવારે ૧૧ વાગ્યાના સુમારે છ-૩થી ચ-૩ના માર્ગ પર ટ્રાફિક પોલીસની બોલેરો કાર સાથે એક મહિલા ટ્રાફિક પીએસઆઈ એક ઊંટલારીમાંથી ફ્રુટ ખરીદવા રોડ વચ્ચે જ ઉભા રહી ગયા હતા. તેઓ ફ્રુટ ખરીદવામાં એવા તલ્લીન હતા કે પાછળ ટ્રાફીક જામ થવા લાગ્યો તેની ખબર નહોતી અને તેમને કોણ કહે તે નાતે વાહનચાલકોએ પણ સાઈડમાં થઈ જેમ જગ્યા મળે તેમ ત્યાંથી પસાર થઈ જવાનું મુનાસિબ માન્યું હતું.

● સે-૨૧ ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરના વેપારીઓ દ્વારા તાજેતરમાં લકી ડ્રો કરવામાં આવ્યો જેમાં જે વિજેતાઓ બન્યા તેમાંથી ઘણાને હજુ ખબર જ નથી હજુ પણ ઘણા કૂપન ધારકો એકબીજાને ડ્રોમાં કોનો નંબર લાગ્યો તે અંગે પૃચ્છા કરી રહ્યા છે.

● ધોરડો ખાતેની ડીજીપી કોન્ફરન્સમાં ગૃહપ્રધાન રાજનાથસિંહની સૂચના પછી ગાંધીનગરમાં પોલીસ ભવન ખાતે પોલીસ અધિકારીઓની એક બેઠક યોજાઈ હતી જેમાં તમામ પોલીસ કર્મીઓને દરેક ફરિયાદ લેવા તેમજ ફરિયાદી સાથે 'સારું' વર્તન કરવા તાકીદ કરાઈ હતી. આ સાથે કોઈ ખોટી ફરિયાદ કરી કોઈને ફસાવે નહી અને સાચી ફરિયાદ લેવાની ના રહી જાય તેનું ધ્યાન રાખવા પણ જણાવાયું હતું.

● સે-૨૩ના સ્વામિનારાયણ મંદિર ખાતે અદભૂત હરિદર્શન પ્રદર્શન યોજાયુ છે. નગરજનોમાં આ પ્રદર્શનને નિહાળવાનું ભારે આકર્ષણ ફેલાયું છે. જેથી સારી એવી ભીડ પ્રદર્શન જોવા માટે ઉમટી રહી છે.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## દારૂની બોટલો લઈને એકટીવા પર ખેપ મારતા બે ઝડપાયા



ગાંધીનગર એલસીબીની ટીમે બાતમીને આધારે કલાલ શહેરમાં વિદેશી દારૂની ખેપ મારતા બે શખ્સોને પકડી પાડયા હતાં. એકટીવાની ડેકીમાં વિદેશી દારૂની બોટલો ભરીને ખેપ મારતા બંને શખ્સોને ગાંધીનગર એલસીબીની ટીમે રૂ. ૭૧૦૦ની કિંમતનો દારૂ તથા બે એકટીવા અને એક મોબાઈલ મળી કુલ રૂ. ૫૮૧૦૦ની કિંમતના મુદ્દામાલ સાથે પકડી પાડી બંનેની ધરપકડ કરી લીધી છે અને સઘન પુછપરછ શરુ કરવામાં આવી છે.

## જુના સચિવાલયમાં કોમ્પ્યુટર ચોરતી ટોળકીનો આતંક

ગાંધીનગર, તા. ૨૨

જુના સચિવાલય સિકયુરીટી ગાર્ડથી સજ્જ હોવા છતા બિલકુલ સુરક્ષીત ન હોવાની અનુભુતિ કરાવી રહ્યું છે. દર અઠવાડીયે એકાદ-બે કોમ્પ્યુટર કે તેના સામાનની ચોરીની ફરીયાદ પોલીસ ચોપડે નોંધાય છે. ગત પખવાડીયે જ બે બ્લોકમાંથી મોનીટર ચોરાયાની ફરિયાદ નોંધાઈ હતી તેની તપાસ હજુ પોલીસ શરુ કરે તે પહેલા બીજા બે બ્લોકમાંથી મોનીટર ચોરાયાની ફરિયાદ આવી ગઈ છે. જુના સચિવાલયમાં કોમ્પ્યુટર ચોરતી ટોળકીના આતંકથી સચિવાલયના અધિકારીઓ તો ઠીક હવે તો પોલીસ પણ ફરીયાદો લઈને ત્રાસી ગઈ છે.

**બ્લોક નં. ૮ અને ૯માંથી પણ બે મોનીટર ચોરાયા**

જુના સચિવાલય બ્લોક નં. ૮માં સ્થિત ખોરાક અને ઔષધ નિયામકની કચેરીમાંથી ૧૫ ડિસેમ્બરની રાત્રિ દરમિયાન કોમ્પ્યુટર ચોરતી ગેંગના સાગરીતે હાથફેરો કર્યો હતો. ઓફીસ બંધ થયાથી સવારે ખુલે ત્યાં સુધીમાં રૂ. ૧૫૦૦ની કિંમતનું મોનીટર ચોરી થઈ જવા પામ્યું હતું. તે ઉપરાંત બ્લોક નં. ૯ ભારત સંચાર નિગમ લિમિટેડની કચેરીમાંથી ૧૯મી સાંજથી ૨૦મી સવાર દરમિયાન રૂ. ૩૦૦૦ની કિંમતનું મોનીટર ચોરી કરી કોઈ શખ્સ ફરાર થઈ ગયો હતો. મોનીટર ચોરીની બંને ફરિયાદો લઈ સેકટર-૭ પોલીસે ગુનો દાખલ કરી પીએસઆઈ વી.યુ. ગડરીયાએ વધુ તપાસ શરુ કરી છે.

## બ્રહ્માકુમારીઝ દ્વારા ટોક શો યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

બ્રહ્માકુમારીઝ દ્વારા તા. ૨૪ ડિસેમ્બરના રોજ સે-૧૯, જીમખાના ખાતે સાંજે ૫.૩૦ કલાકે સ્માર્ટ લીવીંગ ઈન સ્માર્ટ સીટી અંગે એક ટોક શોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે બ્રહ્માકુમારી ઉષાદીદી રસપ્રદ વકતવ્ય આપશે. આ પ્રસંગે સિવીલ સપ્લાયના એમ.ડી. સી.વી. સોમ, મ્યુનિસિપલ કમિશનર જી.આર. ચૌધરી, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા તેમજ અમદાવાદ ટેલિકોમ સર્કલના ચીફ જનરલ મેનજેર એમ.એસ. ધીલોન ઉપસ્થિત રહેશે.



સમગ્ર ઉતર ભારતમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. આ ઠંડીની લહેર ગુજરાત રાજયના પાટનગર ગાંધીનગર શહેરમાં પ્રવેશી ગઈ છે. શહેરમાં દિનપ્રતિદિન ઠંડીનું જોર વધી રહ્યું છે. નગરજનો ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે અને ઘરમાં પુરાઈ રહે છે. ત્યારે બીજીતરફ નગરમાં વસતા ઝુંપડા ધારક પરિવારો પર દબાણતંત્રનું બુલડોઝર ફરી વળ્યું છે. ઉપર આભ અને નીચે ધરતી વચ્ચે જીવતા આ ઝુંપડાવાસીઓને ઠંડીનો સામનો કરી રહ્યા છે. નગરમાં વસતા સેવાભાવી દ્વારા આ પરિવારોને ઠંડીમાં રક્ષણ મળી રહે તે માટે ધાબળાનું વિતરણ કરવામાં આવે છે. શહેરના સેકટર-૭ ના વેપારી ગોંવિદભાઈ પ્રજાપતિના પરિવાર દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં જઈ ઠંડીનો સામનો કરી રહેલા ગરીબ ઝુંપડા ધારકોને ધાબળાનું વિતરણ કરાયું હતું. આ સેવાકાર્યમાં તેમની સાથે તેમના પત્નિ, બાળકો પણ ઉત્સાહભેર જોડાયા હતા. સેવાભાવી વેપારીદ્વારા વિવિધ સેવાકીય પ્રવૃતિ કરવામાં આવે છે.

## સ્ટેટ બેંક ઓફ પટિયાલા દ્વારા સ્કૂલબેગનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના સે-૧૧ ખાતે આવેલ સ્ટેટ બેંક ઓફ પટિયાલા ની શાખા દ્વારા આજે ટીંટોડા ગામ ખાતે સમાજ સેવા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર અંતર્ગત ટીંટોડા ગામની પ્રાથમિક શાળામાં કુલ ૩૦૬ વિદ્યાર્થીનીઓને સ્કુલ બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું.





સ્ટેટ બેંક ઓફ પટીયાલા દ્વારા દર વર્ષે કેટલાક સમાજોપયોગી સેવાકીય કાર્યો હાથ ધરવામાં આવે છે. આ સમાજસેવાના ઉદ્દેશથી ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામની પ્રાથમિક શાળામાં એક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સ્ટેટ બેંક ઓફ પટીયાલાની સે-૧૧ ગાંધીનગર શાખાના બ્રાન્ચ મેનેજર દેવેન્દ્ર પરમાર, સિનિયર આસિસ્ટન્ટ પંકજ પરમાર તથા આસિસ્ટન્ટ મેનેજર ગર્વિત મીના સહિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં બેંક દ્વારા ટીંટોડા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી તમામ વિદ્યાર્થીનીઓને તદ્દન નવી જ સ્કુલ બેગ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે શાળાના આચાર્ય મનુભાઈ પટેલે તમામ બેંક કર્મચારીઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમમાં શાળાના ભૂલકાઓએ સ્વાગત ગીત, પ્રાર્થના સહિત વિવિધ કૃતિઓ રજુ કરી હતી. કાર્યક્રમમાં ટીંટોડા ગામના સરપંચ સહિત અગ્રણી ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

## સે-૨૬ સમસ્ત બ્રહ્મ સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

સેકટર-૨૬ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા તાજેતરમાં સેકટર-૨૭, રંગમંચ ખાતે સ્નેહમિલન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં તેજસ્વી તારલાઓનો, સીનીયર સીટીઝનોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સંગીત સંધ્યા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોની રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના પરીવારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમાજના પ્રમુખ કેતન પંડયા, કારોબારી સભ્યો તથા અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ચિલોડા સર્કલથી દારૂ-બિયર ભરેલી બોલેરો જીપ પકડાઈ

### રૂ. ૩.૮૬ લાખનાં મુદ્દામાલ સાથે ચાર શખ્સોની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલ પાસે આજે સવારે ચિલોડા પોલીસ વાહન ચેકીંગમાં હતી ત્યારે એક બોલેરો જીપ વિદેશી દારૂ-બિયરની હેરાફેરી કરતાં પકડાઈ ગઈ હતી. રૂ. ૮૬,૪૦૦ની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો બોલેરોમાંથી મળી આવતા પોલીસે બોલેરો સહિત રૂ. ૩.૮૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ચાર શખ્સોની ધરપકડ કરી લીધી હતી.

ચિલોડા પીઆઈ વનરાજસિંહની સુચનાથી તેમની ટીમ ચિલોડા સર્કલ પાસે આજે સવારે નવેક વાગ્યાના અરસામાં વાહન ચેકીંગ કરી રહી હતી. દરમિયાન જીજે ૯ એજી ૩૩૬૯ નંબરની બોલેરો જીપ ત્યાંથી પસાર થતાં તેનું ચેકીંગ કરતાં અંદરથી દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો બોલેરોમાંથી ૨૦૪ નંગ વિદેશી દારૂની બોટલો અને ૪૮ નંગ બિયરના ટીન મળી રૂ. ૮૬૪૦૦ની કિંમતનો જથ્થો મળી આવતા પોલીસે દારૂ-બિયર તથા જીપ મળી રૂ. ૩,૮૬,૪૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ચાર શખ્સોની ધરપકડ કરી લીધી છે. અરવલ્લી જિલ્લાના મોડાસાના એક ગામના પ્રકાશ અશોક પરમાર, સુરેશ ઈશ્વર થારા, હિરેન અજીત રાઠોડ અને દાહોદના મનોજ રણજીત થારાની ધરપકડ કરી ચિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓની નેશનલ સ્પર્ધામાં પસંદગી

ગાંધીનગર, તા. ૨૨

પ્રેરણા વિદ્યાલયના ૧૫ જેટલા વિદ્યાર્થીઓની ૬૧મી શાળાકીય ફેન્સીંગ નેશનલ સ્પર્ધામાં પસંદગી પામ્યા છે. જેઓ તા. ૨૫ થી ૩૧ ડિસેમ્બર દરમિયાન ભોપાલ (મધ્યપ્રદેશ) ખાતે સ્પર્ધામાં ભાગ લેશે.

જેમાં અંડર-૧૪માં ૪ વિદ્યાર્થીઓ, અન્ડર-૧૭માં ૬ વિદ્યાર્થીઓ તથા અન્ડર-૧૯માં ૫ વિદ્યાર્થીઓ પસંદગી પામેલ છે. ઉપરોકત તમામ ખેલાડીઓને શાળાના ટ્રસ્ટી શ્રી પ્રદિપસિંહ બિહોલા તથા આચાર્યશ્રી મનિષભાઈ ખત્રીએ શાળા પરિવાર તરફથી નેશનલ કક્ષાએ પસંદગી પામવા બદલ ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવી છે.

## સે-૫-સી ખાતે ભવ્ય રામ જન્મોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

સેકટર-૫-સી ખાતે પ્રારંભ થયેલ રામકથામાં ભવ્ય રામ જન્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કથા દરરોજ બપોરે ૨ થી ૫.૩૦ કલાક દરમિયાન યોજવામાં આવે છે. રામકથા અંતર્ગત અનેક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જેમાં રામ-હનુમાન મિલાપ, રામ-શબરી મિલાપ, રાવણ સંહાર અને અંતે કથાના છેલ્લા દિવસે રાજા રામ અભિષેક યોજાશે. આ પ્રસંગે નગરના ભાવિકોને દર્શનનો લાભ લેવા જણાવાયું છે.

# ક્રૂડમાં ઘટાડો છતાં વાહનોના એન્જિન ઓઈલ મોંઘા

## એન્જીનની શ્રેષ્ઠ કાર્યક્ષમતા માટે ઓઈલ બદલતા રહેવું વાહનચાલકો માટે જરૂરી જેથી જંગી વપરાશ

ગાંધીનગર, તા. ૨૨

વૈશ્વિક બજારમાં ક્રુડ ઓઈલના ભાવ ૧૧ વર્ષના તળીયે આવી ગયા છે. ક્રૂડમાં ધરખમ ભાવ ઘટાડો છતાં તેનો સીધો લાભ પ્રજાજનોને મળતો નથી. ક્રૂડની વિવિધ પ્રોડકટોમાં વાહનમાં વપરાતા એન્જીન ઓઈલનો પણ સમાવેશ થાય છે ત્યારે આ ઓઈલ પણ બજારમાં મોંઘા જ મળી રહ્યા છે. સરકાર દ્વારા પેટ્રોલ, ડિઝલમાં નજીવો ઘટાડો કરી ધ્યાન ખેંચે છે પરંતુ દેશભરમાં વપરાતા વાહનોમાં વર્ષે દહાડે એન્જીન ઓઈલનો જંગી વપરાશ છે તે તરફ ધ્યાન અપાતું નથી. જેથી વાહનચાલકોમાં આ ઓઈલના ભાવ ઘટે તેવી માંગ ઉભી થઈ છે.

વાહનોમાં એન્જીનની ગુણવત્તા પ્રત્યે ખુબ જ કાળજી રખાય છે અને એન્જીનનો ખોરાક ઓઈલ અને ઈંધણ હોય છે જેમાં એન્જીન ઓઈલ એ વાહનની કાર્યક્ષમતાને શ્રેષ્ઠ બનાવતી પ્રક્રિયામાં સામેલ થાય છે. દેશભરના વાહનોમાં એન્જીન ઓઈલ અનિવાર્ય છે અને તે અમુક કિલોમીટરની મુસાફરી પછી બદલતા રહેવું જરૂરી હોય છે. જે કારણે દેશમાં એન્જીન ઓઈલનો જબરદસ્ત વપરાશ બન્યો છે. ક્રૂડની આ પ્રોડકટ હોઈ ક્રૂડના ઘટતા અને વધતા ભાવો સાથે એન્જીન ઓઈલના ભાવોની પણ વધઘટ થતી રહેતી હોય છે.



વૈશ્વિક બજારોમાં ડિસેમ્બર ૨૦૧૫મા ક્રુડના ભાવ ગગડીને બેરલ દીઠ ૩૬.૬૫ ડોલર જેવા થઈ ગયા છે. જેની અસરો માત્રને માત્ર પેટ્રોલ-ડિઝલના ભાવો ઉપર આંશિક રીતે થતી દેખાય છે. પરંતુ વાહનોમાં વપરાતા એન્જીન ઓઈલના ભાવ છેલ્લા ઘણા સમયથી યથાવત જ રહ્યા છે. દેશની અને વિદેશની વિવિધ કંપની આ પ્રોડકટનું ઉત્પાદન કરે છે અને વિવિધ બ્રાન્ડ થકી જુદા જુદા વજનમાં આકર્ષક પેકીંગમાં વેચાણ અર્થે મુકે છે. સૌથી વધુ વપરાશ ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા વાહનોમાં થાય છે. બાદમાં જાહેર પરિવહન અને પછી ખાનગી વાહનચાલકો ઉપયોગ કરે છે. હાલ બજારમાં વિવિધ બ્રાન્ડના એન્જીન ઓઈલ રૂ. ૭૦૦થી માંડીને ૧૫૦૦ સુધી પણ લિટરના વજનથી ઉપલબ્ધ છે

ક્રૂડના ઘટેલા ભાવોનો લાભ વાહનચાલકોના મતે એન્જીન ઓઈલ જેવી પ્રોડકટમાં પણ મળવો જોઈએ. વધુમાં આ પ્રોડકટ ઉપર વસુલાતા અલગ અલગ સરકારી વેરાના તોતિંગ બોજમાંથી પણ રાહત થાય તેવા પગલાં લેવાવા જોઈએ. આમ મૂળભૂત ચીજના ભાવ ઘટાડાનો લાભ ગ્રાહકો સુધી પહોંચે તેવી માંગ વાહનચાલકો કરી રહ્યા છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## સે-૨૩ બ્રહ્મસમાજ દ્વારા સમૂહ યજ્ઞોપવિત યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

સેકટર-૨૩ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા આગામી તા. ૨૪મી ફેબ્રુઆરીના રોજ ચોથા સમુહ યજ્ઞોપવિતનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમુહ યજ્ઞોપવિત કાર્યક્રમમાં સમાજના વધુમાં વધુ ૨૫ બાળકોને યજ્ઞોપવિત આપવામાં આવશે. યજ્ઞોપવિતના ફોર્મ વહેલા તે પહેલાના ધોરણે સ્વીકારવામાં આવશે. સમાજના જે બટુકોને યજ્ઞોપવિત ધારણ કરવી હોય તેમણે સે-૨૩ બ્રહ્મસમાજના પ્રમુખ મુકેશભાઈ શુકલ મો. ૯૦૧૬૮ ૧૨૨૯૨ તેમજ પ્રદિપભાઈ દવે ૯૪૨૭૩ ૦૫૯૦૫નો સંપર્ક કરવા જણાવાયું છે. સમાજ દ્વારા વધુમાં વધુ ૨૫ બટુકોને યજ્ઞોપવિત આપવાનું નક્કી કરવામાં આવ્યું હોવાથી ઈચ્છુક સભ્યોએ ૨૮મી ફેબ્રુઆરી સુધીમાં પોતાના ફોર્મ સુપ્રત કરી દેવા નરેન્દ્ર વ્યાસે જણાવ્યું છે.

### ચિરવિદાય

- સ્વ. શંકરભાઈ ધરમાજી મારવાડી, ઉ.વ. ૮૦
- સ્વ. પટેલ બળદેવભાઈ રામભાઈ, ઉ.વ. ૮૦
- સ્વ. પ્રધાનસિંહ વિહાજી ઠાકોર, ઉ.વ. ૩૫